# ધોરણ - ૧૦

## વિષય – ગુજરાતી

## સ્વાધ્યાય

### પાઠ – ૨૪

# ઘોડાની સ્વામીભકિત



વિધાર્થીનું નામ :

શાળાનું નામ :





શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

# ડીની સ્વામીભક્તિ



લેખક :- ઝવેરચંદ મેઘાણી
પ્રકાર :- લોકકથા
સંદર્ભ :- 'લોકસાહિત્યની ગ્રામકથાઓ' માંથી

## શબ્દસમજૂતી

માવજત - સંભાળ
આગંતુક - આવી ચડેલું
ઓલાદ - સંતાન (અહીં) જાત
છાતીમલો - હિંમતવાળો
ગોહિલવાડ - કાઠિયાવાડનો ભાવનગર રાજ્યનો ભાગ
ઝોક - નેસડાની ઢોર બેસતાં હોય તે ભાગ, ઘેટાં બકરાંનો વાડો
અસૂરવેળા - કસમય, અસૂરવેળા
ગજર ભાંગવી - એક પ્રહર પૂરો થવો
ઝગરી ઝગરી - ઝાંખી ઝાંખી
ડમરી ખૂંદવી - (અહીં) ઘોડી તાનમાં આવીને ઊછળકૂદ કરે તે
અનરવી - માંદી
હડિયાપાટી - દોડાદોડી, દોડધામ કરવી
ગદરી - ગારો, કાદવ
ધરાહાર - ધરાર, બિલકુલ
બગદાટી - ઘબઘબાટી
કારી ફાવવી - પ્રયત્ન સફળ થવો
હેબકી જવું - ના હિંમત થવું

## તળપદા શબ્દો

ખોરડું - માટીની ભીંત કે ગારવાળું નાનું મકાન
સંધાય - બધાં, સૌ
બકોરવું - બોલાવવું

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com



મૂલવવું - કિંમત આંકવી
જડવું - હાથ લાગવું, મળી આવવું
રેવાળ - ઊછળે નહિ છતાં વેગવાળી એવી ઘોડાની ચાલ
ભોં - ભોંય
સંદેશો - સંદેશો
ઓસાણ - ખ્યાલ, યાદી
વાવડ - સમાચાર, ભાળ
વાળું - સાંજ પછીનું ભોજન
ચિંત્યા - ચિંતા, ફિકર
વાંહે - પાછળ
સડપ - ઝડપથી, એકદમ
હવારે - સવારે
મોંસૂઝણું - પરોઢિયાનો સમય
ચોમાસું - ચોમાસું, વરસાદના દિવસો
ભરૂંસો - ભરોસો
બિકાળવા - બીક લગાડે તેવા (અહીં) બિહામણ
લગાણ - લગી
ઘોડયે - ની જેમ
ચળાકો - (વીજળીનો) ચમકારો
મઉ થઈ જવું - ભૂખથી ટળવળતું (અહીં) ખૂબ ભૂખ લાગવી
ગણ - ગુણ

## રૂઢિપ્રયોગ

ઓગરવું નીકળવું - મુશ્કેલીમાંથી સફળ રીતે બહાર આવવું
આંખો ફાટી જવી - આશ્ચર્યચકિત થઈ જવું
પેટ દેવું - મનની વાત કહેવી
હડી કાઢવી - દોટ મૂકવી
એક ના બે ન થવું - વાત પર મક્કમ રહેવું
બે ઘડિ વાટ જોવી - આતુરતાથી રાહ જોવી

Scanned with OKEN Scanner

જીવતરનાં દાન દેવાં - કુરબાન થઈ જવું
મોળું આંગણ આપવું - માનમ નહિમત બને
અધીઅધી થવું - ચિંતાતુર થવું
ખાટુંમોળું થવું - બગડી જવું

## શબ્દસમૂહ માટે શબ્દ

- હળી - ઘોડાના અસવારને બેસવા માટે ઘોડાની પીઠ પર રાખવાનું રૂ કે ઊનનું આસન
- તંગ - ઘોડાના પેટે ફરતો તાણીને બાંધેલો પટ્ટો
- પેંગડું - ઘોડેસવાર જેમાં પગ રાખે છે તે કડું
- ગમાણ્ય - ગમાણ, ઢોરની નીરણ માટે આડું લાકડું રાખી કરેલી જગા
- ભેગાણ - ઘોડા, બળદ વગેરેને ખાવા માટે અપાતું અનાજ

## સ્વાધ્યાય

1) આંબા પટેલની ઘોડીની ચાલ કેવી હતી?
→ રેવાળ

2) 'ઢેલ જેવી મતવાન ઘોડી સાંગમાં રમતી હોય પછી શેત્યા શાની?' આ વાક્ય કોણ બોલે છે?
→ આંબા પટેલ

1) 'પટલાણીની દીકરી થૈ ને મને મોળું આંગણ આલો છો?' - આ વાત આંબા પટેલ કોને કહે છે?
→ 'પટલાણીની દીકરી થૈ ને મને મોળું આંગણ આલો છો?' આ વાત આંબા પટેલને એમની પત્નીને કહે છે.

2) 'શેત્રુંજી જેવી સાત નદિયું આડી ઊભમ નથી પડી?' આ વાક્ય કોણ બોલે છે?

'શેત્રુંજી જેવી સાત નદિયું આડી ઊભમ નથી પડી?' આ વાક્ય આંબા પટેલ બોલે છે.

3\. 1) આંબા પટેલને મણાર શા માટે જવું પડ્યું?

આંબા પટેલના મામાએ માણસ મોકલીને સંદેશો કહેવડાવ્યો હતો. સંદેશામાં ભાણાને જે કામ કરતા હોય તે પડતાં મૂકીને મણાર આવીને ગોરલા શિરાવવા જણાવ્યું હતું. મામાનો આ સંદેશો સાંભળીને આંબા પટેલને મણાર જવું પડ્યું.

2) પૂરમાં ડૂબતા આંબા પટેલને કેવી રીતે જીવનદાન મળ્યું?

કાંઠા સુધી પહોંચેલી ઢેલ ઘોડીએ જોયું કે તેની પીઠ પર આંબા પટેલ નથી એટલે નસકોરાં ફુલાવતી પૂરમાં ડૂબતા આંબા પટેલને શોધવા નીકળી. સડસડાટ કરતી આંબા પટેલ સુધી પહોંચી. ઘોડીને જોતાં જ આંબા પટેલ તેના ગળે વળગી પડ્યા અને ચતુર ઘોડી આંબા પટેલને લઈ પાણીના વહેણને ફંગોળતી ફંગોળતી મહામુસીબતે કાંઠે આવી. આ રીતે ઢેલ ઘોડીને કારણે પૂરમાં ડૂબતા ડૂબતા આંબા પટેલને જીવનદાન મળ્યું.

4\. (1) ઢેલ ઘોડીની વફાદારી અને ખાનદાની વિગતે વર્ણવો.

આંબા પટેલ ઢેલ ઘોડી પર સવાર થઈને મામાને ત્યાંથી ઘેર જવા ઉપડ્યા. ચોમાસાના દિવસો હતા. વરસાદને કારણે શેત્રુંજી નદીમાં ઘોડાપૂર આવ્યું હતું. આંબા પટેલ શેત્રુંજી નદી ઓળંગીને સામે પાર કેમ જવું એની વિમાસણમાં હતા. મામાને ત્યાં પાછા જવાય તેમ નહોતું અને ઘેર પહોંચ્યા વિના છૂટકો નહોતો, એમ વિચારીને આંબા પટેલે કચ્છ બાંધીને ઘોડીને એડી મારી અને ઘોડી છલાંગ મારી શેત્રુંજી નદીમાં ખાબકી; પરંતુ નદીમાં પાણીનું વહેણ પુષ્કળ હતું. ઢેલ ઘોડી તો જેમતેમ કરીને કાંઠા સુધી પહોંચી ગઈ, પણ ઘોડીને ભાન થઈ કે તેનો માલિક પાણીમાં રહી ગયો છે એટલે ઘોડી નસકોરાં ફુલાવતી સહેજ પણ રોકાયા વિના પાણીમાં ખાબકીને ધણીને શોધવા નીકળી. તે વખતે આંબા પટેલ પાણીમાં તણાતા હતા. તરવામાં તેમની એક પણ કારી ફાવતી નહોતી. તેમનામાં હિંમત રહી નહોતી. ત્યાં તો સડસડાટ કરતી ઘોડી આંબા પટેલની નજીક પહોંચી. ઘોડીને જોતાં જ આંબા પટેલમાં હિંમત આવી અને સઘળી તાકાત એકઠી કરીને ઘોડીને વળગી પડ્યા. ચતુર ઘોડીએ પાણીમાં પંથ કાપવા માંડ્યો. પાણીમાં ફંગોળાતી ફંગોળાતી ઘોડી મહામુસીબતે નદીના કાંઠે આવી. આમ, ખાનદાન ઢેલ ઘોડીએ પોતાના ધણીનો જીવ બચાવ્યો.

Scanned with OKEN Scanner

# HIKSHAN SAGAR

## ( શિક્ષણ સાગર )

## એપ્લીકેશન ની વિશેષતા


આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર ૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે-સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN
શિક્ષણ સાગર
APPLICATION